For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરાની 76 બેઠકો માટે રેકોર્ડબ્રેક 1434 દાવેદારોએ દાવેદારી નોંધાવતા સંગઠન સ્તરે ભારે અસમંજસની સ્થિતિ

વડોદરા ભાજપમાં ટિકિટનો પેચ ફસાયો, ટિકિટનું મંથન સ્થાનિક સ્તરેથી ખસીને સત્તાના કેન્દ્ર ગાંધીનગર ખાતે પહોંચ્યું

જૂથવાદ રોકવા સ્થાનિક બેઠક રદ કરાઈ; સાંસદ અને ધારાસભ્યોને તાત્કાલિક તેડું

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેર ભાજપમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ટિકિટ ફાળવણીનો મુદ્દો વધુ ગૂંચવાયો છે. 76 બેઠકો માટે રેકોર્ડ 1434 દાવેદારો મેદાનમાં આવતા સંગઠન સ્તરે અસમંજસ સર્જાયું છે. આંતરિક જૂથવાદ વધે તેવી ભીતિને કારણે મહત્વની બેઠક છેલ્લી ઘડીએ રદ કરવામાં આવી છે અને પ્રક્રિયા હવે ગાંધીનગર ખસેડાઈ છે.

રાજકીય નિષ્ણાતોના મતે, મોટી સંખ્યામાં દાવેદારો ઉત્સાહ દર્શાવે છે, પરંતુ આંતરિક અસંતોષ પણ વધારી શકે છે. દરેક બેઠક પર સરેરાશ 18-20 દાવેદારો હોવાથી એક નામ પર સહમતી મુશ્કેલ બની છે. પરિસ્થિતિ કાબૂમાં લેવા સાંસદ, ધારાસભ્યો અને હોદ્દેદારોને ગાંધીનગર બોલાવવામાં આવ્યા છે.

હવે મંત્રીઓ અને નિરીક્ષકો ગાંધીનગરથી 'વન-ટુ-વન' બેઠક યોજી વોર્ડવાર યાદી ચકાસશે અને અંતિમ પેનલ તૈયાર કરશે. આ વચ્ચે લોબિંગ તેજ બની ગયું છે અને દાવેદારો દબાણ વધારી રહ્યા છે. સમગ્ર વડોદરાની રાજકીય નજર હવે ગાંધીનગર પર કેન્દ્રિત છે, જ્યાં લેવાતા નિર્ણયો ચૂંટણીના પરિણામોને અસર કરશે..

વડોદરાના સાંસદ, તમામ ધારાસભ્યો અને સંગઠનના ઉચ્ચ હોદ્દેદારોને તાત્કાલિક અસરથી ગાંધીનગર બોલાવી મુખ્યમંત્રીએ બેઠક યોજી હતી.

દાવેદારોને 'મૌન' રહેવા આદેશ: ટિકિટની લાઈનમાં શિસ્તની કસોટી

વડોદરા ભાજપમાં ટિકિટની હોડ વચ્ચે હાઈકમાન્ડે શિસ્તનો કોરડો વીંઝ્યો છે. 1434 દાવેદારોની લાંબી યાદી અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ખેંચતાણને રોકવા માટે પક્ષે તમામ હોદ્દેદારો અને દાવેદારોને આગામી બે દિવસ સુધી 'મૌન' વ્રત ધારણ કરવા ખાસ તાકીદ કરી છે. પક્ષના આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ, બિનજરૂરી નિવેદનબાજી કે લોબિંગના કારણે પક્ષની છબી ન ખરડાય તે માટે આ અપીલ કરવામાં આવી છે. હવે જોવાનું એ રહેશે કે ગાંધીનગરની આ 'બંધબારણે' મળનારી બેઠકમાં કોનું પત્તું કપાશે અને કોના નસીબની લોટરી લાગશે!

દાવેદારોની સંખ્યા વધારો હોવાથી ગાંધીનગર બોલાવ્યા

દાવેદારોની સંખ્યા વધારે હોવાથી, પ્રત્યેક વ્યક્તિના યોગ્ય અભિપ્રાય લેવા માટે આ ખાસ સંકલન બેઠકનું આયોજન ગાંધીનગર ખાતે કરાયું હતું. ગુજરાતનું સુકાન સંભાળતા વરિષ્ઠ નેતાઓની સીધી દેખરેખ હેઠળ હવે વન-ટુ-વન મંથન થશે. જૂથવાદ ન વકરે અને હાઈકમાન્ડ સુધી તમામ પાસાઓની સચોટ માહિતી પહોંચે તે હેતુથી વડોદરાના ધારાસભ્યો અને સંગઠનના હોદ્દેદારોને તાબડતોબ ગાંધીનગર ખાતે તેડાવી લેવાયા હતા. - **જયપ્રકાશ સોની,** વડોદરા શહેર ભાજપ પ્રમુખ

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાના કારણે હવામાનમાં ફેરફાર

વાતાવરણમાં પલટો આવતા આકાશમાં વાદળોની ફોજ છવાઈ, વરસાદ પડ્યો

ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકોને હાલાકી વેઠવી પડી

10 એપ્રિલ સુધી આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાના કારણે હવામાનમાં આ ફેરફાર જોવા મળી રહ્યો છે. ત્યારે, શહેરમાં પણ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. શહેર પર વાદળોની ફોજ આવી ચડી હતી. તેજ પવનો ફૂંકાતા શહેરના કેટલાક વિસ્તારોમાં રોડ પર ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકોને હાલાકી વેઠવી પડી હતી. જ્યારે, ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદી છાંટા પડ્યા હતા.

વડોદરા શહેર અને જિલ્લામાં આજે વરસાદની આગાહી કરવામાં આવી છે ખાસ કરીને વડોદરાના પૂર્વ પટ્ટીમાં આવેલા તાલુકાઓમાં પણ વરસાદની અસર જોવા મળશે. ત્યારે, શહેરમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર નહીંવત રહે તેવી આગાહી છે. થોડા દિવસો પૂર્વે જ વેસ્ટન ડીસ્ટર્બન્સથી વાદળછાયા વાતાવરણ સાથે છાંટા પડ્યા હતા. ત્યારે, ફરી એક વખત ત્રણ દિવસ બાદ વાતાવરણમાં પલટાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તા. 10 સુધી આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે. વરસાદ દરમિયાન 30 થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને વીજળીના કડાકા-ભડાકા થવાની શક્યતા છે. આગામી ત્રણ દિવસ સુધી મહત્તમ તાપમાન સ્થિર રહેશે, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો થતા ગરમીનો પારો ફરી ઉંચકાય તેવી શક્યતા છે. 12 એપ્રિલ પછી ફરીથી હવામાન સૂકું થઈ જશે.

નગરજનોને ગરમીથી આંશિક રાહત : તાપમાન 33.4 ડિગ્રીએ રહ્યો

ઉત્તર પૂર્વ રાજસ્થાન પર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનથી વડોદરા સહિત તાલુકાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. બપોરે વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ સાંજના સુમારે વરસાદી ઝાપટું પડ્યું હતું. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જેના કારણે નગરજનોને ગરમીથી આંશિક રાહત મળી હતી. મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન 33.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 24.8 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 69% અને સાંજે 56% નોંધાયું હતું.

સયાજીગંજની સાંઈ કૃપા હોટલના રૂમમાં પંચમહાલના યુવકનો આપઘાત

હોટલમાં યુવતીના દુપટ્ટા વડે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલી જનમહેલ નજીકની સાઈ કૃપા હોટલમાં પંચમહાલ જિલ્લાના યુવકે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સયાજી ગંજ પોલીસે લાશ ની નીચે ઉતારી પીએમ કરાવ્યા બાદ તેના વાલી વારસોનો સંપર્ક કરી કયા કારણોસર આપઘાત કર્યો છે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

પંચમહાલ જિલ્લાના વિજાપુર ખાતે રહેતા લુહાર જયેન્દ્રકુમાર ગત સોમવારે સવારે આશરે 8 વાગ્યે હોટલમાં રૂમ બુક કરીને રોકાયો હતો અને તે જ દિવસે ચેકઆઉટ કરવાનું હતું. પરંતુ સમય પસાર થયા છતાં તે રૂમમાંથી બહાર ન નીકળતા હોટલ સ્ટાફને શંકા ગઈ હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો ત્યારે યુવકનો મૃતદેહ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ પણ તરત જ સ્થળ પર પહોંચી અને પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

પોલીસ તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે. મૃતક પાસે મળી આવેલી બેગમાંથી એક યુવતીનું વોટર આઈડી કાર્ડ મળ્યું હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં, યુવક દ્વારા યુવતીના દુપટ્ટા વડે આપઘાત કરાયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ બનાવ પાછળનું સાચું કારણ શું છે તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા થઈ નથી. પ્રેમ સંબંધ, વ્યક્તિગત તણાવ કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે અંગે પોલીસ તમામ પાસાઓથી તપાસ કરી રહી છે.સયાજીગંજ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા પાલિકા ચૂંટણી પહેલા શહેર પોલીસ સુસજ્જ : નરસિમ્હા કોમાર

મતદાન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો સચોટ એક્શન પ્લાન : સીપી

11 ચેક પોસ્ટ સક્રિય, 25 ટકાથી વધુ હથિયારો જમા કરાવાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા શહેરમાં આવનારી મહાનગરપાલિકા ચૂંટણીને ધ્યાનમાં રાખીને શહેરનું પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે સુસજ્જ બની ગયું છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકાની ચૂંટણીના અનુસંધાને વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે તાજેતરમાં પોલીસ વિભાગમાં થયેલી બદલીઓ બાદ તમામ અધિકારીઓ

અને કર્મચારીઓની બેઠક યોજાઈ હતી, જેમાં ચૂંટણી દરમિયાન અનુસરવાના માર્ગદર્શનો અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી.

ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ન બને તે માટે પોલીસ દ્વારા સચોટ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને કાયદો ભંગ કરનારાઓને કોઈપણ રીતે છોડવામાં નહીં આવે તેવી પણ કમિશનરે કડકાઈપૂર્વક ચેતવણી આપી છે.

પોલીસ દ્વારા શહેરમાં લાયસન્સ ધરાવતા હથિયારો જમા કરવાની પ્રક્રિયા પણ ઝડપી બનાવાઈ છે, જેમાં અત્યાર સુધીમાં 25 ટકાથી વધુ હથિયારો જમા થઈ ચૂક્યા છે. સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં 11 ચેક પોસ્ટ ઉભી કરીને વાહન ચેકિંગ અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી રહી છે.

આ ઉપરાંત ડ્રિન્ક એન્ડ ડ્રાઇવ વિરુદ્ધ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જેથી અકસ્માતો અને કાયદો ભંગના બનાવોને અટકાવી શકાય. સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

કંપનીના અધિકારીએ પોલીસને સાથે રાખી છાપો માર્યો

રાજમહેલ રોડની 4 મોબાઈલની દુકાનોમાં પોલીસની રેડ, 2.21 લાખનો ડુપ્લિકેટ માલ જપ્ત

પોલીસની કાર્યવાહીના પગલે ડુપ્લીકેટ મોબાઈલ એસેસરીઝ વેચનાર વેપારીઓમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરનાં રાજમહેલ રોડ પર આવેલી દુકાનોમાં બ્રાન્ડેડ કંપનીઓના નામે નકલી મોબાઈલ એસેસરીઝ વેચાતી હોવાની ફરિયાદના આધારે કંપનીના અધિકારીએ નવાપુરા પોલીસને સાથે રેડ કરી હતી. ચાર દુકાનોમાં MI કંપનીના નામે વેચાતી નકલી મોબાઈલ એસેસરીઝ મળી આવી હતી. દુકાનોમાંથી મોબાઈલ કોમ્બો, ડેટા કેબલ, ગ્લાસ, બેટરી, ચાર્જર, કવર સહિત વિવિધ વસ્તુઓનો સહિત અંદાજે રૂ. 2.21 લાખ જેટલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે . ડુપ્લીકેટ માલ વેચનાર 4 વેપારીની અટકાયતી કરાઈ છે.

મહારાષ્ટ્ર ખાતે રહેતા વિનાયકભાઈ ઘનશ્યામભાઈ જે ખાનગી કંપનીમાં ફિલ્ડ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમણે નવાપુરા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી કે તેમની કંપનીને વિવિધ બ્રાન્ડેડ કંપનીઓના મટીરીયલ નું વેચાણ કરવામાં આવે છે. જેના આધારે તેઓએ શહેરમાં નકલી માલના વેપાર સામે કાર્યવાહી માટે પોલીસને જાણ કરી હતી.

ત્યારબાદ નવાપુરા પોલીસ તથા કંપનીના પ્રતિનિધિઓ સાથે મળી રાજમહેલ રોડ વિસ્તારમાં આવેલી ચાર દુકાનોમાં રેડ કરવામાં આવી હતી. રેડ દરમિયાન શ્રીનાથ ઈલેક્ટ્રોનિક્સ મહાદેવ મોબાઈલ, મહેશ મોબાઈલ, વિશ્નુ મોબાઈલની દુકાનોમાંથી MI કંપનીના નામે વેચાતી નકલી મોબાઈલ એસેસરીઝ મળી આવી હતી. દુકાનોમાંથી મોબાઈલ કોમ્બો, ડેટા કેબલ, ગ્લાસ, બેટરી, ચાર્જર, કવર સહિત વિવિધ વસ્તુઓનો સહિત અંદાજે રૂ. 2.21 લાખ જેટલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે સ્થળ પર પહોંચી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી અને ડુપ્લિકેટ માલ વેચનાર

ચારેય દુકાનધારકો અંકિત રાજેન્દ્ર, કિરિટ, કિશોર ચૌધરી, કમલેશ ચૌધરી અને રમેશકુમાર ચૌધરી વિરુદ્ધ કોપીરાઈટ એક્ટની કલમ 13 અને 14 હેઠળ ગુનો નોંધ્યો છે. નવાપુરા પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીથી શહેરમાં નકલી બ્રાન્ડેડ માલના ગેરકાયદે વેપાર કરતા તત્વોમાં ભયનો માહોલ ફેલાયો છે.

લગ્ન પ્રસંગે પાણી ઢોળવા મુદે બબાલ થતાં યુવક પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં લગ્ન પ્રસંગ દરમિયાન રોડ પર પાણી ઢોળવાની બાબતે થયેલી બોલાચાલી મારામારીમાં ફેરવાઈ જતા અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની ઘટના સામે આવી છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

એકતાનગરના રહીશ જહીર મલેકે પાણી ન ઢોળવા સમજાવતા ફિરોજ મન્સુરી ઉશ્કેરાઈ ગાળો આપી ઝઘડો શરૂ કર્યો. બાદમાં ઈમરાન સહિતના લોકોએ લાકડી અને તલવારથી હુમલો કર્યો, જેમાં જહીર ઈજાગ્રસ્ત થયા. તેમને બચાવવા આવેલી બહેન વહીદાબેન અને મામા તમીજુદ્દીન શેખને પણ માર પડ્યો. બનાવની જાણ થતા 108 એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્તોને એસ.એસ.જી. હોસ્પિટલ ખસેડાયા. પીડિતની ફરિયાદ પરથી પોલીસે ફિરોજ, ઈમરાન, સાહિલ, જુબેર અને સમીર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

એડિટ કરેલા ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી

શારીરિક સંબંધ નહીં રાખવા દેતા પ્રેમીએ પ્રેમિકાને બ્લેકમેલિંગ કરવાનું શરૂ કર્યું

181ની ટીમે યુવકના મોબાઈલ માંથી મહિલાના એડિટ કરેલા ફોટા ડિલીટ કરાવ્યા.

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરમાં રહેતી એક પરિણીત મહિલા નોકરી દરમિયાન એક યુવકના સંપર્કમાં આવી હતી. શરૂઆતમાં સામાન્ય મિત્રતા હતી, પરંતુ સમય જતાં બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. તેઓ વારંવાર મળતા હતા, પરંતુ થોડા સમય બાદ યુવકે નોકરી છોડી દીધી અને મહિલાની પાસે પૈસાની માંગણી કરવાનું શરૂ કર્યું હતું. મહિલા વિશ્વાસના આધારે તેને આર્થિક મદદ કરતી હતી.

પરંતુ સમય જતા યુવકે મહિલાને શારીરિક સંબંધ માટે દબાણ કરવાનું શરૂ કર્યું. મહિલાએ આ માંગણીને સ્પષ્ટપણે ના પાડી અને સંબંધ તોડી નાખ્યો. ત્યારબાદ યુવકે મહિલાના સોશિયલ મીડિયા પરથી મેળવેલા ફોટા એડિટ કરીને વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેલિંગ શરૂ કર્યું હતું.

આ પરિસ્થિતિથી ગભરાયેલી મહિલાએ 181 અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. મહિલાએ જણાવ્યું હતું કે અગાઉ સોશિયલ મીડિયા પર મૂકેલા ફોટા યુવક પાસે હતા, જેનો હવે ગેરઉપયોગ કરીને તે તેમને હેરાન કરી રહ્યો હતો. વધુમાં યુવક મહિલાના કાર્યસ્થળે આવી તેમને મળવા અને બહાર જવા માટે દબાણ કરતો હતો.

માહિતી મળતા જ અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બંને પક્ષ સાથે વાતચીત કરી સમગ્ર મામલો સમજ્યો હતો. કાઉન્સેલિંગ દરમિયાન યુવકને કડક શબ્દોમાં સમજાવવામાં આવ્યું કે આ પ્રકારનું બ્લેકમેલિંગ અને બળજબરી કાયદેસર ગુનો છે. સાથે જ બંને પરિણીત હોવા અને પરિવારની જવાબદારીને ધ્યાનમાં રાખીને આ વર્તન અયોગ્ય હોવાનું સમજાવવામાં આવ્યું હતું.

અભયમ ટીમ દ્વારા યુવકના મોબાઈલમાંથી મહિલાના તમામ ફોટા, વીડિયો અને મેસેજ ડિલીટ કરાવવામાં આવ્યા હતા. તેમજ બંનેને ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો સંપર્ક ન રાખવા માટે સમજાવવામાં આવ્યા અને એકબીજાના નંબર બ્લોક કરાવવામાં આવ્યા હતા. અભયમ ટીમની સમયસર અને સંવેદનશીલ કામગીરીના કારણે મહિલાને ગંભીર બ્લેકમેલિંગની સમસ્યામાંથી મુક્તિ મળી હતી. મહિલાએ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

અકોટા પોલીસે કારમાંથી દારૂ સાથે શખ્સ ઝડપી પાડયો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ પર કડક નજર રાખવામાં આવી રહી છે. તે દરમ્યાન અકોટા પોલીસ સ્ટેશનની ટીમે દિનેશમીલ ત્રણ રસ્તા પાસે વાહન ચેકિંગ દરમિયાન એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે રેલવે સ્ટેશન તરફથી અકોટા ચાર રસ્તા તરફ આવી રહેલી સફેદ કલરની નિસાન મેગ્નાઈટ કાર ને રોકી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આરોપી જિજ્ઞેશ નટવરસિંહ ઠાકોર (ઉ.વ. 42, રહે. ગોત્રી, વડોદરા) પાસે કોઈ પાસ-પરમિટ વગર કુલ 18 બોટલો મળી આવી હતી. જેની કુલ કિંમત 69,000 થાય છે. ઉપરાંત, આરોપી પાસેથી એક iPhone 13 મોબાઈલ, એક Oppo મોબાઈલ અને 5 લાખ કિંમતની કાર પણ જપ્ત કરવામાં આવી છે. કુલ મળીને 6,02,000નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

નેતાજી હવે 'સ્માર્ટ' અવતારમાં: વડોદરાની ગલીઓમાં પત્રિકાના બદલે હવે QR કોડ અને AIનો 'ડિજિટલ' દબદબો

સ્ટાર પ્રચારક : બેનરો અને પોસ્ટરોનું સ્થાન હવે 'રીલ્સ' અને AIએ લીધું

વોઈસ ક્લોનિંગથી ઉમેદવારનો અવાજ મતદારોના ફોન સુધી પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

સંસ્કારી નગરી વડોદરા હંમેશા તેની પરંપરાઓ માટે જાણીતી છે, પરંતુ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પરંપરા અને ટેકનોલોજીનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. વડોદરાના રાજકારણમાં હવે જૂની પદ્ધતિઓ ઈતિહાસ બની રહી છે અને 'નેતાજી' હવે સ્માર્ટ બનીને મતદારોના ઘર સુધી નહીં, પણ તેમના ખિસ્સામાં રહેલા સ્માર્ટફોન સુધી પહોંચી ગયા છે. બેનરો અને પોસ્ટરોનું સ્થાન હવે 'રીલ્સ' અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ લઈ લીધું છે.

આ વખતની ચૂંટણીમાં સૌથી મોટું હથિયાર 'AI' બન્યું છે. વડોદરાના કેટલાક વોર્ડમાં ઉમેદવારો પોતાનો અવાજ ક્લોન કરાવી રહ્યા છે. જ્યારે મતદારને ફોન આવે છે, ત્યારે સામે છેડે સાક્ષાત્ ઉમેદવાર વાત કરી રહ્યા હોય તેવો અહેસાસ થાય છે. પર્સનલાઈઝ્ડ મેસેજિંગ દ્વારા દરેક મતદારને એવું લાગે છે કે નેતાજી ખાસ તેમને જ સંબોધી રહ્યા છે.

પ્રચાર પત્રિકાઓના થોકડા હવે ભૂતકાળ બની રહ્યા છે. ઉમેદવારો હવે વિઝિટિંગ કાર્ડ જેવી નાની સ્લિપ આપે છે, જેમાં QR કોડ હોય છે. આ કોડ સ્કેન કરતા જ ઉમેદવારનો ભૂતકાળનો ટ્રેક રેકોર્ડ, શૈક્ષણિક લાયકાત અને વિસ્તાર માટેના વિઝનનો વીડિયો પ્લે થાય છે. ચૂંટણી સામગ્રીના વેપારીઓના જણાવ્યા અનુસાર, ડિજિટલ એડ્રસ અને સ્ટીકરોમાં 20% નો જંગી ઉછાળો જોવા મળ્યો છે.

મોટા ગજાના નેતાઓ કરતા હવે સ્થાનિક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્ઝર્સની બોલબાલા વધી છે. જે યુવાનો ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર પોતાના વિસ્તારમાં લોકપ્રિય છે, તેમને પક્ષો દ્વારા હાયર કરવામાં આવી રહ્યા છે. આ ઈન્ફ્લુએન્ઝર્સ પોતાની સ્ટાઈલમાં ઉમેદવારના કામનો પ્રચાર કરીને યુવા મતદારોને આકર્ષી રહ્યા છે. પ્રથમવાર મતદાન કરનાર વર્ગ માટે 'ગેમિંગ એપ' જેવી જાહેરાતો પણ લોન્ચ કરવામાં આવી છે.

માંડવી અને રાવપુરા જેવા જૂના વિસ્તારોમાં 'શેરી બેઠકો' તો હજુ થાય છે, પણ તેમાં પણ ડિજિટલ ટચ જોવા મળે છે. ઉમેદવાર જ્યારે એક મહોલ્લામાં સભા કરતા હોય, ત્યારે અન્ય ગલીના લોકો તેને ફેસબુક લાઈવના માધ્યમથી નિહાળે છે.

'ગ્રીન કેમ્પેઈન' : પ્રચાર પત્રિકા ફેંકશો નહીં, કુંડામાં વાવો અને છોડ ઉગાડો!

વડોદરાના એક વોર્ડમાં ઉમેદવારે પર્યાવરણની જાળવણી માટે અદભૂત 'ગ્રીન કેમ્પેઈન' શરૂ કર્યું છે. સામાન્ય રીતે ચૂંટણી પછી રસ્તા પર પત્રિકાઓનો કચરો જોવા મળતો હોય છે, પરંતુ આ ઉમેદવારે 'સીડ પેપર' માં પોતાની પ્રચાર પત્રિકાઓ છપાવી છે. આ પત્રિકામાં નાના બીજ રાખવામાં આવ્યા છે. ચૂંટણી પૂર્ણ થયા બાદ જો મતદાર આ પત્રિકાને કુંડામાં માટી નીચે દાબશે, તો તેમાંથી તુલસી કે ફૂલનો છોડ ઉગશે. પ્રચારની સાથે પર્યાવરણનો આ સંદેશ અત્યારે આખા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ખાલી પડેલી જગ્યામાં જિલ્લા ફેરબદલી માટે અરજી કરી શકશે

પ્રાથમિક શાળાના શિક્ષકો માટે 21 એપ્રિલથી ફેરબદલી કેમ્પ યોજાશે

પ્રથમ તબક્કાની કાર્યવાહી પુરી થયા બાદ ખાલી જગ્યાઓ માટે સામાન્ય તબક્કાની તારીખ વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા પ્રાથમિક શિક્ષકોની ઓનલાઈન જિલ્લા ફેરબદલીની જાહેરાત કરવામાં આવી છે. શિક્ષકોએ 21 એપ્રિલથી 23 એપ્રિલ દરમ્યાન વેબસાઈટ પર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે. રાજ્યની જિલ્લા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓના માધ્યમના શિક્ષકો માટે જિલ્લા ફેરબદલી કેમ્પનું આયોજન કરવાનું રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા ઓનલાઈન જિલ્લા ફેરબદલી માટેની જાહેરાત કરવામાં આવી છે. સરકારના આ પગલાથી રાજ્યભરના શિક્ષકોને તેમની પસંદગીના જિલ્લામાં જવાની તક મળશે. જિલ્લા તેમજ નગર શિક્ષણ સમિતિઓ હેઠળ કાર્યરત પ્રાથમિક શિક્ષકો માટે ઓનલાઈન જિલ્લા ફેરબદલીનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રમાણે શિક્ષકોની જરૂરીયાત હશે. તે પ્રમાણે જિલ્લા પસંદગી કરવાની તક મળશે. શિક્ષણ વિભાગ દ્વારા જણાવ્યા અનુસાર જિલ્લા ફેરબદલી માટે જે શિક્ષકો ઈચ્છતા હોય તેઓએ સત્તાવાર વેબસાઈટ પર જઈ ઓનલાઈન નોંધણી કરવી પડશે. તેમજ વેબસાઈટ પર જિલ્લાવાર ખાલી જગ્યાઓની માહિતી પણ મુકવામાં આવી છે. જેથી શિક્ષકો જિલ્લો પસંદ કરી શકશે. હવે શિક્ષકો અન્ય જિલ્લામાંથી બદલી કરવાની તક મળશે. ફેરબદલીની પ્રક્રિયા સરકાર દ્વારા નક્કી કરાયેલ નિયમો અને માર્ગદર્શિકા મુજબ હાથ ધરવામાં આવશે.તા. 21 એપ્રિલથી તા. 23 એપ્રિલ દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. પ્રથમ તબક્કાની કાર્યવાહી પુરી થયા બાદ ખાલી જગ્યાઓ માટે સામાન્ય તબક્કાની તારીખ વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ઉમેદવારે જિલ્લા નગર શિક્ષણ સમિતિમાં તમામ માધ્યમવાર વિભાગ કે વિષય મુજબ ખાલી જગ્યા હશે. ત્યાં જિલ્લા ફેરબદલી માટે અરજી કરી શકશે. તેમજ જિલ્લા ફેરબદલી અંગેના હુકમો કોઈ પણ સંજોગોમાં રદ્દ કરવામાં નહી આવે તેમ પણ જણાવવામાં આવ્યું છે.